# રૂપાલ પલ્લી મેળામાં ભાવિકોનુ ઘોડાપુર ઉમટ્યું

**પલ્લી રથ પર ૧૬ કરોડના ઘીનો અભિષેક : અંદાજિત ૧૦ લાખ ભાવિકોએ દર્શનનનો લાભ લીધો : સવારે ૪:૩૫ કલાકે દિવ્ય પલ્લી રથનુ પ્રસ્થાન કરાયુ**

**ગામના વિવિધ ૨૭ ચકલામાં પલ્લી રથ પર ભાવિકોએ ઘી નો અભિષેક કરી દર્શનનો લાભ લીધો : ભાવિકો પુનમ સુધી દિવ્ય જયોતના દર્શન કરી શકશે**

ગાંધીનગર તા ૮

રૂપાલ વરદાયિની માતાના દિવ્ય પલ્લી રથ પર ભાવિકોએ અંદાજિત ૪ લાખ કીલો ઘીનો અભિષેક કર્યો હતો. અંદાજે રૂ ૧૬ કરોડના ઘી ના અભિષેકથી રૂપાલ ગામમાં ઘી ની નદી વહેતી થઈ હતી. સવારે ૪ : ૩૫ કલાકે ભવ્ય પલ્લી રથનો પ્રારંભ થયો હતો. જયારે ગામના ૨૭ ચકલા પર પલ્લી રથ પસાર થઈને સવારે ૭ :૩૦ કલાકે વરદાયિની મંદિરના પરિસરમાં પહોંચ્યો હતો. અંદાજિત ૧૦ લાખ ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. શાંતિપુર્ણ માહોલમાં પલ્લી મેળો સંપન્ન થયો હતો. પલ્લી રથના દર્શન માટે ભાવિકોનુ ઘોડાપુર ઉમટયુહતુ. જયારે પલ્લી મેળાના આયોજનને અનુલક્ષી પુરતો સલાતમી બન્દોબસ્ત પણ નજરે પડતો હતો. જો કે પલ્લી મેળા દરમિયાન મોબાઈલ અને પાકીટ ચોર પણ સક્રિય રહ્યા હતા.





રૂપાલમાં આજે ભવ્ય પલ્લી મેળાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. પાંડવોના કાળથી નિકળતા પલ્લી રથના દર્શન કરવાનો ભાવિકોમાં અનેરો મહીમા છે. રૂપાલમાં નોમના દિવસે નિકળતા પલ્લીમેળામાં ભાવિકોનુ ઘોડાપુર ઉમટે છે. રૂપાલ ગામમાં પરંપરાગત પલ્લી મેળાને અનુલક્ષી આજે સવારે પલ્લીવાળા વાસમાંથી પલ્લી રથનુ પ્રસ્થાન કરાયુ હતુ. સવારે ૪ : ૩૫ કલાકે માતાજીની દિવ્ય પલ્લી રથનો પ્રારંભ કરાયો હતો. ગામ વિવિધ ચકલાઓમાં પલ્લી રથ પર ઘી નો અભિષેક કરવામાં આવ્યો હતો. ગામમાં વિવિધ ઠેકાણે ટ્રેકટરની ટ્રોલીઓ ઘી થી લથબથ ભરેલી જોવા મળી હતી. પલ્લી રથના પ્રસ્થાન સાથે ગામના વિવિધ ચકલામાં માતાજીના રથ પર ઘી નો અભિષેક કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. ગામના ૨૭ ચકલાઓમાં ફરીને પલ્લી રથ વરાદાયિની મંદિરે પરત ફર્યો હતો. નાના બાળકોથી માંડીને વડીલો અને મહીલાઓએ પણ દિવ્ય પલ્લી રથના દર્શનનો લાભ લીધો હતો. પલ્લી રથ પર અંદાજિત ૪ લાખ કીલો ઘી નો અભિષેક કરાયો હતો. જયારે આ ઘી ની કિંમત અંદાજિત ૧૬ કરોડ રૂપિયા

● અનુસંધાન પાન-૭ પર

## રૂપાલના પલ્લી મેળામાં એસ.ટી.એ ૧૦૭ ટ્રીપ લગાવી

રૂપાલ વરદાયિની મંદિરના પલ્લી મેળામાં એસ ટી તંત્ર દ્વારા વિશેષ બસ સેવાનુ આયોજન કરાયુ હતુ. રૂપાલના પલ્લી મેળાને અનુલક્ષી એસ ટી તંત્ર દ્વારા ૨૫ જેટલી બસો દોડાવામાં આવી હતી. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા ૧૦૭ જેટલી ટ્રીપો દોડવામાં આવી હતી. જયારે આ ખાસ એસ ટી બસ સેવાના અંતે એસ ટી ડેપોએ અંદાજિત રૂ ૮૦ હજારની વધુ આવક રળી હતી. રૂપાલ વરદાયિની મંદિરના પલ્લી મેળામાં ભાવિકોનુ ઘોડાપુર ઉમટે છે. જેને અનુલક્ષીને દરવર્ષે ભાવિકો માટે વિશેષ બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે.

## શહેરમાં શંકાસ્પદ ડેન્ગ્યુથી એક મહિલાનુ મોત : તંત્ર સ્તબ્ધ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં શંકાસ્પદ ડેન્ગ્યુથી એક મહિલાના મૃત્યુ થયાના સમાચારોથી આરોગ્યતંત્રમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. ચારેક વર્ષ બાદ શહેરમાં વાહકજન્ય રોગચાળાને લઈ કોઈ દર્દીનું મૃત્યુ થયાની વિગતો બહાર આવવા પામી છે. મનપા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મૃતક મહિલાને અન્ય બિમારી પણ હતી. જો કે તેના મૃત્યુના ચોક્કસ કારણો કેસ ડિટેઈલ મળ્યા પછી જ કહી શકાય તેવુ જણાવી રહ્યા છે. શહેરમાં હાલ ૧૪૦થી વધુ દર્દીઓ ડેન્ગ્યુના જોવા મળ્યા છે. આ વખતે ડેન્ગ્યુ માટે નવા સેકટરો પણ વધુ સંવેદનશીલ બની ઉભરી રહ્યા હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે. શહેરમાં ડેન્ગ્યુના કેસોનું પ્રમાણ વધારે જોવા મળી રહ્યુ છે કારણકે અમદાવાદથી અપડાઉન કરનાર વર્ગ નગરમાં વધારે છે અને ડેન્ગ્યુના મચ્છરો એ ડેબાઈટર તરીકે ઓળખાતા હોય છે. તંત્રની એવી પણ દલીલ રહી છે કે શહેરમાં કન્સ્ટ્રકશન સાઈટો પણ નવા સેકટરોમાં ચાલુ હોવાથી ત્યાં મચ્છરોની ઉત્પત્તિ વધુ જોવા મળી રહી છે. જો કે તંત્રએ નવા સંવેદનશીલ વિસ્તારોને પણ ઓળખી કાઢ્યા છે અને સતત સઘન સર્વેલન્સની સૂચનાઓ પણ જારી કરી છે. આ ઉપરાંત એન્ટી લારવેલની કામગીરી પણ તંત્ર દ્વારા સઘન બનાવવામાં આવી છે.

## વાહનોની ખરીદી, રિઅલ એસ્ટેટના બજારમાં મંદીની અસરો જોળા મળી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વિવિધ બજારોને આજે મંદીની અસરો થઈ હતી. ખાણી-પીણીના બજારોમાં ૨૦ ટકા જેટલો ઘટાડો તો દશેરાના દિવસે નવા વાહનોની ખરીદીમાં પણ ૩૦ ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો હતો.

સોના-ચાંદીના બજારોમાં પણ ખરીદીનો માહોલ જોઈએ તેવો જોવા મળ્યો નહોતો. કાપડ બજારમાં પણ મંદીની અસરો જોવા મળી હતી.

રિઅલ એસ્ટેટના માર્કેટમાં પણ ૨૦ થી ૨૫ ટકા જેટલો ઘટાડો આ વર્ષે જોવા મળ્યો છે.

આર્થિક મંદીમાંથી પસાર થઈ રહેલ અર્થતંત્રની વિપરીત અસરો આજે વિવિધ બજારો પર જોવા મળી હતી. ખાણી-પીણીના બજારોમાં પણ મોંઘવારીને કારણે ૧૫ થી ૨૦ ટકા જેટલી ઘરાકી ઓછી નોંધાઈ હતી. તેમજ ખરીદીમાં પણ લોકોનો ઉત્સાહ મોળો હોવાનું જણાયુ હતુ.

નવા વાહનોની ખરીદીમાં પણ ૨૫ થી ૩૦ ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લામાં દ્વિચક્રી વાહનોની માંગમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. તો ફોર વ્હીલમાં પણ મંદીની અસર જોવા મળી હતી. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૮૦૦ થી વધુ નવા વાહનોનું જ આજે વેચાણ થવા પામ્યુ છે. જે દર વર્ષે ૧૨૦૦ થી વધુ વાહનોનું આજના દિવસે વેચાણ થતુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

## મનપામાં ભરતી માટે આજથી મૌખિક ઈન્ટરવ્યુ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા જુદા જુદા પાંચ સંવર્ગમાં વર્ગ-૨ ની ભરતી માટે આજથી મૌખિક ઈન્ટરવ્યુ શરૂ થઈ રહ્યા છે. નવ અને દસ ઓક્ટો. દરમ્યાન ૭ જેટલા અધિકારીઓની નિમણુંક માટે આ ઈન્ટરવ્યુ યોજવામાં આવી રહ્યા છે. સેને. સુપ્રિટેન્ડન્ટ, ઝોનલ ઓફિસર, જુનિયર ટાઉનપ્લાનર સહિતની જગ્યાઓ માટે આ ઈન્ટરવ્યુ યોજવામાં આવી રહ્યા છે.

મનપામાં ભરતી વિવાદ ચાલુ છે અને ૫૦થી વધુ આઉટ સોર્સિંગના કર્મચારીઓને છુટા કરાયા છે એ વચ્ચે આજે વર્ગ-૨ ના અધિકારીઓ માટે આજથી શરૂ થઈ રહેલા આ ઈન્ટરવ્યુને લઈ યુવાનોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.

નવા અધિકારીઓની નિયુક્તી પછી મનપાનુ વહીવટીતંત્ર મજબુત બનશે આ ઉપરાંત સ્વચ્છતા અભિયાનને પણ નવો વેગ મળશે. આ ઉપરાંત જે ઝોનલ કચેરીઓ છે તેના વહીવટમાં પણ ગતિ આવશે અને તંત્ર વધુ પ્રજાભિમુખ બનશે તેમ મનપાના સૂત્રો જણાવી રહ્યા છે.

## જાહેરમાં શૌચક્રિયા કરવા બદલ ૪૨ ઈસમો દંડાયા

ગાંધીનગર, તા. ૮

ઓ.ડી.એફ. જાહેર થયેલ સ્માર્ટસીટી ગાંધીનગરમાં જાહેરમાં શૌચ કરનારા ૪૨ ઈસમો સામે મનપાએ દંડનીય કાર્યવાહી કરી છે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ માટે દંડ પેટે રૂ. ૨૧૦૦ની વસુલાત કરવામાં આવી છે. સે. ૬, સે. ૭ અને કડીયા બજારમાં શૌચક્રિયા જાહેરમાં કરવા માટે આ દંડનીય કાર્યવાહી કરવામાં આવેલી છે. શહેરમાં મનપા દ્વારા ૨૫ થી વધુ જાહેર શૌચાલયો કાર્યરત કરવામાં આવ્યા છે. જાહેરમાં શૌચક્રિયા માટે દંડનીય કાર્યવાહી ઘણા સમય બાદ તંત્ર દ્વારા શરૂ કરાતાં નગરજનોમાં આ મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે. મનપાના જાહેર શૌચાલયોમાં સફાઈ, લાઈટના અભાવે લોકો ખુલ્લામાં શૌચક્રિયા કરવા મજબુર બન્યા છે.



નવલી નવરાતના અંતિમ નોરતે ગાંધીનગરમાં ગરબાની રમઝટ જામી હતી. ખૈલેયાઓ નવમા નોરતે મનમુકીને ગરબે ઘુમ્યા હતા. અવનવા ટ્રેડિશ્નલ વસ્રોમા સજ્જ ખૈલેયાઓ સાથે નેતાઓ અને અધિકારીઓએ પણ ગરબે ઘુમવાની મજા માંણી હતી. જેમાં આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિ ,વિધાનસભાના વિપક્ષના નેતા પરેશ ધાનાણી પણ માંઈભકિતની ભાવના સાથે ગરબામાં જોડાયા હતા. કલ્ચરલ ફોરમમાં નવરાત પર્વ દરમિયાન અગાઉ મુખ્યમંત્રી વિજય રૂપાણી, રાજયપાલ આચાર્ય દેવવ્રતજી તેમજ કર્ણાટકના રાજયપાલ વજુભાઈ વાળા ઉપરાંત અધિકારીગણ પણ ગરબા નિહાળી પ્રસન્નતા વ્યકત કરી હતી. નવલી નવરાતના અંતિમ દિવસે ગરબાની રમઝટ જામી હતી. વર્ષ દરમિયાન જે પર્વની સૌ કોઈ વાટ જોતા હોય છે તેવા નવલા નોરતાના અંતિમ દિવસે માતાજીની પુજા અર્ચના સાથે સેકટરોમાં પણ ગરબાનો માહોલ જામ્યો હતો. પ્રારંભિક તબક્કે વરસાદી વિધ્નથી પ્રભાવિત નવરાત મહોત્સવમાં શરૂઆતના બે દિવસ ખૈલેયાઓની મજા બગડી હતી. વરસાદ અને વાવાઝોડાના લીધે ગરબા મંડપમાં કાદવ કિચ્ચડ વચ્ચે જળબંબાકારના દ્રશ્યો જોવા મળ્યા હતા. સેકટરોમાં સતત નવ દિવસ સુધી નવરાત પર્વમાં માતાજીની ભકિત અર્ચના સાથે ગરબાની રમઝટ જામી હતી. સેકટરોની શેરીઓમાં માંઈભકિતનો અનોખો ઉજાસ પથરાયો હતો. જયારે આઠમ અને નોમના દિવસે પણ માતાજીની પુજા અર્ચના માટે વિશેષ ધાર્મિક કાયક્રમોનુ આયોજન કરાયુ હતુ. સેકટરોમાં કેટલાક ઠેકાણે દશેરાના રોજ પણ ગરબા મહોત્સવની ઉજવણી ચાલુ રહી હતી.

## જિલ્લામાં ૨૪૦૦થી વધુ ખેડૂતોએ મગફળીના વેચાણ માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ૨૪૦૦થી વધુ ખેડૂતોએ મગફળીનું વેચાણ ટેકાના ભાવે કરવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.

૧લી ઓકટો.થી રાજયભરમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી માટેની રજીસ્ટ્રેશનની કાર્યવાહીનો આરંભ થયો છે. જિલ્લામાં આ વર્ષે ૬ હજાર હેક્ટર કરતાં પણ વધુ વિસ્તારમાં મગફળીના પાકનું વાવેતર થયુ છે.

જિલ્લામાં પાછોતરો વરસાદ સારો થતાં મગફળીના પાકનું સારૂ ઉત્પાદન થશે તેવા અંદાજો છે. રજીસ્ટ્રેશનની કાર્યવાહી ૩૧મી ઓક્ટો. સુધી ચાલશે. આ પછી સરકાર દ્વારા ખરીદ કેન્દ્રોની જાહેરાત કરી અને એક સાથે મગફળીના પાકની ખરીદી કરશે. સરકારે ૧૦૧૮ રૂ. ભાવ મગફળીનો નિયત કરેલ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ET TMT
BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com